હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

તું રોજ મને ફોન કરી પુછે છે કે તમારી ખીચડી કેટલી બનાવું....? એવું હવે ન કરીશ... ફોન ટેપ થવાની શક્યતા છે... મારી આબરૂ જાય... શું સમજી...??

અત્યારે શહેરમાં કુંવારિકા દિકરીઓના ગૌરીવ્રતની ઉજવણી ચાલી રહી છે જેનો ઉમંગ દરેક વ્રત કરનારી દિકરીના હૈયે જોવા મળે છે. આ વ્રતના સમાપને દરેક કુંવારિકા દીકરીને સાજ શણગાર સજવાના કોડ હોય છે. આ પ્રસંગે શહેરની સેવાભાવી સંસ્થા આકાશ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા રાધા બ્યુટીપાર્લરના સહયોગથી ગૌરીવ્રત કરી રહેલી જરૂરિયાતમંદ વર્ગની કુંવારિકા દિકરીઓને વિનામૂલ્યે મહેંદી મૂકી આપવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ચિલોડામાં વ્રતધારી નાની બાળાઓને ૯૦ કિલોના સૂકા મેવાના પેકેટ બનાવી વિતરણ કરાયું

ચિલોડા, તા. ૨૧

અષાઢી માસથી આરંભાયેલા વિવિધ પર્વો અને વ્રતોની ઉજવણી ભારતીય સંસ્કૃતિમાં વિશેષ મહત્વ રહેલુ છે. આ ઉજવણી સાથે શંકરભગવાનને પતિરૂપે પામવા માટે શંકર-પાર્વતી વ્રત અને ગૌર્યોવ્રતમાં નાની-નાની બાળાઓનું ગોર્યોવ્રત કરવા જવેરા વાવી પાંચ દિવસ સુધી એક ટાણું ઉપવાસ કરી દરરોજ સવારે અવનવા પરિધાનવેશ ધારણ કરી બાળાઓ ઘર આંગણે ગામના ચોકમાં, પીપળાના વૃક્ષ નીચે, મંદિર પરિસરમાં પૂજા-અર્ચના કરી શ્રદ્ધા વ્યક્ત કરે છે. ત્યારે ચિલોડા ગામમાં વ્રતધારી નાની બાળાઓને ઉપવાસમાં સૂકા મેવાના ગામના સેવાભાવી વિષ્ણુભાઈ સી. પટેલ દ્વારા ૯૦ કિલોના નાના-નાના પેકેટ બનાવી ઘરે ઘરે બાળાઓના નિવાસસ્થાને પહોંચાડી સેવાકીય કામગીરી કરી ધાર્મિક ધન્યતા અનુભવી હતી. આ સુકામેવાના પેકેટમાં મુક્તિ, ખારેક, રેવડી, સુકી દ્રાસની ઉપવાસ સામગ્રીનો સમાવેશ કર્યો હતો. સેવાભાવી વિષ્ણુભાઈ પટેલ દર વર્ષે ગામમાં આવી સેવાકીય પ્રવૃત્તિઓમાં મદદરૂપ થવા સેવાનુ બીડું ઝડપવામાં અગ્રેસર ભુમિકા બજાવી આત્મસંતોષ વ્યક્ત કરી રહ્યા છે.

આજ રોજ ગાંધીનગર ખાતે પરશુરામ ઈન્ટરનેશનલ બ્રહ્મ સંગઠનની મહિલા પાંખની પરિચય બેઠક શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી અને મહિલા પાંખના પ્રમુખ છાયા ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજાઈ. જેમાં પરશુરામ ઈન્ટરનેશનલ બ્રહ્મ સંગઠનના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી નવીનભાઈ શર્મા અને પ્રદેશ અધ્યક્ષ શ્રી સતિષભાઈ ભટ્ટ વીડિયો કોન્ફરન્સથી જોડાયા હતા . અને બહેનોને પરશુરામ ઈન્ટરનેશનલ સંગઠનના આગામી કાર્યક્રમો વિષે માહિતગાર કર્યા હતા. આ મિટિંગમાં ગાંધીનગર જિલ્લાની મહિલા પાંખની તમામ બહેનોએ હાજરી આપી હતી અને અશ્વિનભાઈ ત્રિવેદીએ બહેનોને પરશુરામ ઈન્ટરનેશનલ બ્રહ્મ સંગઠન અંગેની સવિસ્તર માહિતી આપી હતી.

મગોડી સ્થિત રાહેલબા વૃદ્ધાશ્રમમાં સ્ક્રીનીંગ મેડીકલ કેમ્પ યોજાયો

ગાંધીનગર તાલુકાના મગોડી ગામે આવેલ રાહેલબા વૃદ્ધાશ્રમમાં ૪૫ વડીલોનું આશ્રયસ્થાનમાં એમ.એસ.એસ. મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ ચાંદખેડા, અમદાવાદ દ્વારા સ્ક્રીનીંગ મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ જેમાં વડીલોનું બ્લડપ્રેશર, રેન્ડમ બ્લડ સુગર તથા શારિરીક-વજનની તપાસ કરી બિમારી અને મેડીકલ અંગે હોસ્પિટલના નિષ્ણાંત તબીબ ડૉ. તૃપ્તિ મૈત્રક, સેજલ પરમાર (સ્ટાફ નર્સ), અજીતસિંહ ચાવડા (સહયોગી) દ્વારા યોગ્ય સારવાર-માર્ગદર્શનરૂપે સેવા કરી ઉત્તમ ઉદાહરણ પુરૂ પાડ્યું હતુ. સંસ્થાના પ્રમુખ નિર્મળાબેન અને યશવંતસિંહ ઝાલાએ તમામ સેવાભાવી તબીબોનો આભાર માન્યો હતો.

ગાંધીનગરના ૪ પીઆઈ અને ૨૬ પીએસઆઈની બદલી

ગાંધીનગર, તા.૨૧

રાજયમાં આઈપીએસ અધિકારીઓની બદલીના ભણકારા વાગી રહ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લાના પોલીસ બેડામાં ભારે ફેરફાર કરવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા ચાર પીઆઈ અને ૨૬ પીએસઆઈની સામુહીક બદલીઓ કરવામાં આવી છે. તાજેતરમાં જિલ્લા પોલીસ વડા દ્વારા ૧૪૩ કર્મચારીઓની જાહેરહિતમાં બદલીનો ગંજીફો ચીપવામાં આવ્યો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા દ્વારા જિલ્લા પોલીસ બેડામાં મોટાપાયે બદલીના આદેશ કરાયા છે. વિવિધ પોલીસ મથકમાં ફરજ બજાવતા ૩૦ અધિકારીઓની આંતરીક બદલી કરાઈ છે. જેમાં ચાર પીઆઈનો પણ સમાવેશ થાય છે. મહિલા પોલીસ મથકે ફરજ બજાવતા ડી.એ.ચૌધરીની બદલી એલઆઈબી, અને એલઆઈબીમાં ફરજ બજાવતા પીઆઈ ડી.જી.તડવીને મહિલા પોલીસ મથકની જવાબદારી સોંપાઈ છે. તો બીજીતરફ લીવ રીઝર્વ કંટ્રોલરૂમ પીઆઈ તરલ ભટ્ટની ચિલોડા પોલીસ મથકે બદલી કરાઈ છે. તો ચિલોડા પીઆઈ આઈ.એમ.હુદડની બદલી સચિવાલય સંકુલમાં થવા પામી છે.

જયારે પેથાપુર પોલીસ મથકના પીએસઆઈ વી.બી.પરમારની બદલી રીડર ટુ એસ.પી.કચેરી ખાતે કરી દેવાઈ છે. ત્યારે એસઓજી પીએસઆઈ રવિરાજસિંહ ભરતસિંહ પરમારને ચિલોડા પોલીસ મથકે નિમણુંક અપાઈ છે. જયારે ડભોડા પીએસઆઈ એલ.એચ.મસાણીને લીવ રીઝર્વ એસઓજી, રખીયાલ પીએસઆઈ એ.જે.શાહને ઈન્ફોસીટી, જયારે માણસા પીએસઆઈ એચ.કે.શ્રીમાળીને સેકટર-૨૧, જયારે સેકટર-૭ પોલીસ મથકના પીએસઆઈ આશાબેન ગામીતને રખીયાલ , તેમજ સેકટર-૭ પીએસઆઈ એમ.એસ.રાણાની લીવ રીઝર્વ સ્પેશીયલ ઓપરેશન ગ્રુપમાં બદલી કરી દેવાઈ છે. ચિલોડા પીએસઆઈ પી.સી.પટ્ટણી અને ઈન્ફોસીટી પીએસઆઈ બી.બી.રાણાને ટ્રાફિક પોલીસ મથકે બદલી કરાઈ છે.

ગુજરાતનું છેલ્લું ગામ અણીસોલ તાલુકો ભિલોડામાં ગજાનન સેવા સમિતિ દ્વારા લાભાર્થીને જેમને રહેવા માટે કાચું ઘર છે તેમને ૧૨ ફુટ x ૧૨ ફુટના પ્લાસ્ટિકનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે પાંચ વ્યકિતઓને ચપ્પલ અને દુર જોવાના ચશ્મા અને છત્રીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જયા-પાર્વતી વ્રતની શરૂઆત થતા પંચદેવ મંદિર, સેક્ટર-૫ શિવશક્તિ મંદિર અને સેક્ટર-૫-સી મહાકાલી મંદિર ખાતે બાળાઓ પૂજા કરતા નજરે પડે છે.

લો નેતાજી ખુશ..લોકર્પણ થઇ ગયું હવે ફરી બંધ..!!

પ્રજાલક્ષી વિકાસકાર્યો કરવાની સરકારનું પ્રાથમિક કાર્ય અને જવાબદારી પણ છે અને આવા કાર્યો નિયત સમય મર્યાદામાં પૂરા થાય જ અને સમયસર લોકભોગ્ય બને તે પણ તેટલું જ જરૂરી છે. સરકારે કરેલા વિકાસ કાર્યોના જયારે મસમોટા લોકાર્પણ યોજાય ત્યારે પ્રજા રાજી થાય તે સ્વાભાવિક છે પરંતુ કેટલીકવાર માત્ર 'સત્તાધીશોને રાજી કરવા માટે' વિકાસકાર્યો ક્યાંક ધૂળ ખાતાં ખાતાં ખંડેર બની જાય ત્યાં સુધી તેનું લોકાર્પણ ગોઠવાતું નથી તો ક્યાંક રાજકીય લાભ કે જશ ખાટવા ઉતાવળે લોકાર્પણ કરી દેવાય છે અને પાછળથી અધુરા કામો પુરા કરવા ફરી પ્રજાને તેનાથી વિમુખ કરી દેવાય છે. આ સ્થિતિમાં પ્રજાને છેતરાયાની લાગણી અનુભવાતી હોય છે. આવી જ સ્થિતિ ગાંધીનગરના રેલ્વે સ્ટેશન નજીકના 'ખ'રોડ અને 'ક' રોડ સહિત વાવોલને જોડતા નવા બંધાયેલા અંડરપાસને કારણે સર્જાવા પામી છે. આ અંડરપાસના લોકાર્પણથી આનંદિત થયેલી વાવોલ તથા રોડ નજીકના વિસ્તારની જનતાનો આનંદ માત્ર ક્ષણિક પુરવાર થયો હતો કેમ કે હજુ તાજેતરમાં જ લોકાર્પણ કરાયેલા અંડરપાસને ફરી એકતરફથી બંધ કરી દેવાયો છે, ત્યારે જનતા પૂછી રહી છે કે જો અંડરપાસનું કામ અધુરું જ હતું તો તેનું લોકાર્પણ કરાવ્યું શા માટે??

વાવોલ ગામનો ગુમ કિશોર મુંબઈથી મળી આવ્યો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામનો કિશોર સેકટર-૨૩ ખાતે શાળાની ફી ભરવા માટે નીકળ્યો હતો. પરંતુ કિશોર ગતરોજ સુધી ઘરે પરત ન આવતા પિતાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી. સેકટર-૭ પોલીસે અને વાવોલ ચોકીની ટીમે ગણતરીના કલાકોમાં મુંબઈના બાંન્દ્રાથી કિશોરને પકડી પાડ્યો હતો.

સુત્રો પાસેથી મળતી વિગત મુજબ વાવોલ સ્થિત બદરી એપાર્ટમેન્ટ ખાતે રહેતા નિઝામુદ્દીન અનવર શેખ લેબર કોન્ટ્રાકટર તરીકે ધંધો કરે છે. તેમના પરિવારમાં પત્ની અને બે દિકરા તેમજ એક દિકરી છે. જેમાં સૌથી મોટો દિકરો મોહમ્મદ રફી ઉર્ફે અબરાર સેકટર-૨૩ ની ખાનગી શાળાએ ફી ભરવા માટે જઈ રહ્યો હતો. ધોરણ-૧૦ માં અભ્યાસ કરતા સૌથી મોટા દિકરા મોહમ્મદ રફી ગત તા.૧૪ જુલાઈના રોજ રૂ.૩૫૦૦ લઈને શાળાએ ભરવા માટે નીકળ્યા હતા. ફી ભરવાની હોવાથી મોહમંદ રફી ઘરે થી નીકળ્યો હતો.જયારે નિઝામુદ્દીન અને તેમના પત્ની સેકટર-૨૪ ખાતે ગયા હતા. ત્યારબાદ વાવોલ ઘરે પરત ફરીને

જોયું તો શાળાના સમય પુરો થઈ ગયો હોવા છતા કિશોર ઘરે ન આવતા પિતાએ શાળાના ટીચરને મોહમંદ રફી અંગે વાત કરી હતી. પરંતુ શિક્ષકે તે ફી ભરવા માટે શાળાએ નથી આવ્યો તેવો જવાબ સાંભળવા મળ્યું હતું. કિશોરના પિતાએ આસપાસના વિસ્તારમાં તપાસ કરવા છતા પત્તો ના લાગતા તેના પિતાએ સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. મળતી માહિતી મુજબ મહંમદ રફી ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. પરંતુ તેનું મન અભ્યાસ લાગતુ નથી.જયારે મહંમદ રફી રેપ સિંગિગ કરે છે. મુંબઈ જઈને તે રેપ સિંગર બની જશે તેમ સમજી રૂ.૩૫૦૦ લઈને ઘરે થી નીકળી ગયો હતો. કિશોર પાલડી જઈને ટ્રાવેલ્સની બસમાં બેસીને મુંબઈ પહોંચી ગયો હતો. તે બાંદ્રાની સિલ્વર ઈન હોટલમાં રોકાયો હતો. મુંબઈ જઈને યુવકે તેના મિત્રને કોલ કર્યો હતો, જેથી ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસ ટીમ મુંબઈ જઈને તેને હેમખેમ ગાંધીનગર પરત લઈ આવી હતી. ત્યારબાદ પોલીસે કિશોરને તેના પરિવારજનોને સોંપતા પરિવારના સભ્યોના મુખ પર આનંદની લ્હેર પ્રસરી ગઈ હતી.

ઈટાદરા ખાતે યોગ શિબિર અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૧

આયુષ વિભાગ ગુજરાત રાજ્ય પ્રેરિત અને ગાંધીનગર જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ યોગ શિબિર અને વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. નિયામક વૈદ્ય ભાવનાબેન પટેલ અને એ.એમ. બે દિવસીય તાલીમનું આયોજન સરકારી આયુર્વેદ દવાખાનુ પરબતપુરા, તા. માણસાના મેડિકલ ઓફિસર વૈદ્ય ધૃતિબેન જી. ગોસાઈ દ્વારા ઈટાદરા પીએચસી ખાતે કરેલ. કાર્યક્રમ પહેલા આયુર્વેદના ભગવાન ધન્વંતરિની પ્રાર્થના કરવામાં કરવામાં આવી હતી. જેમાં રીસોર્સ પર્સન દ્વારા પોતાના વિષયો પર સેશન્સ લેવામાં આવ્યા હતા અને યોગ માટેની તાલીમ વૈદ્ય કામિનીબેન વ્યાસ તેમજ યોગ ઈન્સ્ટ્રક્ટર સોનલબેન મહેતા દ્વારા કરવામાં આવી અંતે મેડિકલ ઓફિસર તેમજ આશા બહેનો દ્વારા કરવામાં આવી અંતે મેડિકલ ઓફિસર તેમજ આશા બહેનો દ્વારા વૃક્ષારોપણ કરી ટ્રનિંગનું સમાપન કરવામાં આવ્યું હતું.

સાદરા સંકુલમાં પ્રથમ હરોળ(બેચ)ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૨૧

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાની સ્થાપના ૧૯૭૮માં તત્કાલિન વડાપ્રધાન અને કુલપતિ મોરારજી દેસાઈના હસ્તે કરવામાં આવી હતી. જેમાંથી ૧૯૮૧ વર્ષમાં બહાર પડેલા પ્રથમ હરોળ (બેચ)ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સંમેલન યોજવામાં આવ્યું, જેઓ પરિવાર સાથે ઉપસ્થિત રહી ૪૦ વર્ષ પહેલાનું સંકુલ-સાદરા અને અત્યારનું, આજનું સંકુલ-સાદરાનો વિકાશ જોઈ આનંદવિભોર થયા હતા. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓમાં મોટા ભાગના વિદ્યાર્થીઓએ તેમના પ્રતિભાવમાં જણાવ્યું કે અભ્યાસ ઓછો કર્યો છે પણ આજુબાજુના ગામડાઓમાં જઈ ખેડૂતોના ખેતરોમાં ઘઉં અને રાયડો વાઢવાનું શ્રમકાર્ય કરી છાત્રાલયનું ભોજન બીલ ભરી સ્વાવલંબી જીવન જીવ્યા છીએ. જે અંગેની આજના યુવા વિદ્યાર્થીઓને શીખ આપી હતી. કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણી અધ્યક્ષીય સ્થાન શોભાવી ગૂજરાત વિદ્યાપીઠના ધ્યેયો મુજબે સમાજમાં કાર્યરત રહેવા માટેનો વાર્તાલાપ કર્યો હતો.

ખેતરમાંથી પસાર થવા ન દેતા મા-દિકરાઓને કુટુંબીજનોએ માર માર્યો

ગાંધીનગર, તા.૨૧

ચિલોડા પાસે આવેલા દશેલા ગામે વૃધ્ધાને અને તેમના બે દિકરાઓને ખેતરમાં થી પસાર થવા જેવી સામાન્ય બાબતે કૌંટુબીક સભ્યોએ એકત્ર થઈ લાકડી અને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ દશેલા ગામે રહેતા મંગીબેન બાબુભાઈ ચૌધરી (પટેલ) તેમના બે દિકરા ઉર્વીક અને ચેતન સાથે ખેતરમાં ખેતીકામ કરીને ગુજરાન ચલાવે છે. ગતરોજ મા અને બે દિકરા ખેતરમાં કામ કરી રહ્યા હતા તે સમયે વૃધ્ધ મંગીબેનના જેઠના દિકરા દિલિપભાઈ વેલજીભાઈ ચૌધરી, દશરથભાઈ વેલજીભાઈ ચૌધરી, અને જેઠાણી ગંગાબેન વેલજીભાઈ ચૌધરી તેમજ ભત્રીજા વહુ મોનિકા તેમના ખેતરમાં થઈને પસાર થઈને પોતાના ખેતરમાં જઈ રહ્યા હતા. જેથી પોતાના ખેતરમાંથી નહી જવા માટે મંગીબેને ના પાડી હતી. જેને પગલે ચારેય કુટુંબીજનો ઉશ્કેરાઈ ગયા હતા અને બોલાચાલી કરવા લાગ્યા હતા. ત્યારે તેઓને અપશબ્દો બોલવાની ના પાડતા ભત્રીજા દિલિપે તેના હાથમાં રહેલી લાકડી થી ઉર્વીક પર હુમલો કર્યો હતો. તેને છોડાવવા જતા દશરથભાઈએ પણ ગડદાપાટુનો માર માર્યો હતો. બંન્ને દિકરાઓને છોડાવવા જતા મંગીબેનને જેઠાણી ગંગાબેન અને ભત્રીજા વહુ એ તેમને પણ ઢોરમાર માર્યો હતો. આ મારામારી દરમિયાન મંગીબેનની કાનની સોનાની બુટ્ટી તેમજ કંઠી ક્યાંક પડી ગઈ હતી. મા દિકરાએ હોહા કરતા આસપાસના ખેતરમાં કામ કરી રહેલા ખેડુતો અને ગ્રામજનો આવી ગયા હતા. ત્યારે મંગીબેનના કુટુંબીજનોએ જતા જતા આજે તો બચી ગયા છો પરંતુ માર્ગ માં એકલદોકલ મળશો તો મારી નાંખશુ તેવી ધમકી આપી ભાગી ગયા હતા. ઈજાગ્રસ્તોએ સારવાર લીધા પછી ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સિવિલ હોસ્પિટલને વધુ એક ઓક્સિજન પ્લાન્ટ ભારત સરકારે ફાળવ્યો છે અને તે સિવિલ ખાતે આવી પહોંચ્યો છે.
- રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ આજે તેમનો જન્મ દિવસ પરિવારના સભ્યો સાથે તેમજ અંગત મિત્રો સાથે વિતાવ્યો હતો. જો કે તેમના જન્મ દિવસ નિમિત્તે અમદાવાદ ખાતે યોજાયેલ રક્તદાનના કાર્યક્રમમાં હાજરી આપી હતી.
- ગાંધીનગર શહેરમાં ટ્રાફિકના વધતા જતા ભારણને લઈ હવે કેટલાક સ્થાનો પર બે શિફ્ટમાં કર્મયોગીઓને ફરજ સોંપવાનો નિર્ણય તંત્રએ લીધો છે.
- ગૌરીવ્રત તેમજ આજથી જયા-પાર્વતી વ્રતનો આરંભ થતાં ફરાળી વસ્તુઓની ઘરાકીમાં વધારો થવા પામ્યો છે.
- કર્મચારીઓની નિવૃત્ત વય મર્યાદા વધારવા માટે આપવામાં આવેલ આવેદન પત્રની રજુઆત અમાન્ય વહીવટ વિભાગે વિચારણા માટે નાણાં વિભાગને મોકલી આપી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના બોડીફ ડિરેક્ટર્સની ચૂંટણી બિનહરીફ થતાં કર્મચારીઓમાં ખુશીની લ્હેર વ્યાપી જવા પામી છે.
- ગાંધીનગર જિલ્લામાં વરસાદ ખેંચાતા પિયતના પાણીના દરમાં વધારો થતાં ખેડૂતોની ચિંતા વધી છે.
- અનુદાનિત મા. અને ઉ.મા. શાળાઓના શિક્ષક કર્મચારીઓના પડતર પ્રશ્નોના ઉકેલ માટે પ્રથમ તબક્કાના આંદોલનમાં જિલ્લા સત્તાવાળાઓને આવેદન-પત્ર આપી રજુઆત કરાઈ છે. હવે બીજા અને ત્રીજા તબક્કાના આંદોલનની જાહેરાત કરવામાં આવશે.
- ગાંધીનગર મનપાના કમિશનર હવે સોમવાર અને ગુરૂવારે જ જાહેર જનતાને મળશે.

રાજ્યમાં નવા કોરોનાના ૨૮ કેસ

ગાંધીનગર, તા.૨૧

ગુજરાતમાં કોરોના હવે તબક્કાવાર રીતે કાબુમાં આવી રહ્યો છે. રાજ્યમાં આજે કોરોનાના માત્ર ૨૮ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ તેનાથી બમણા એટલે કે ૫૦ દર્દીઓ સાજા થઈ ગયા હતા. અત્યાર સુધીમાં કુલ ૮,૧૪,૧૦૯ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. તો કોરોનાથી સાજા થવાનાં દરમાં પણ સતત વધારો થઈ રહ્યો છે રાજ્યમાં ૯૮.૭૩ ટકા દર્દીઓ સાજા થઈ ચુક્યાં છે. તો બીજી તરફ રસીકરણનાં મોરચે પણ સરકાર લડી રહી છે.

જો રાજ્યમાં રહેલા એક્ટિવ દર્દીઓની વાત કરીએ રાજ્યમાં કુલ ૨૮૯ એક્ટિવ દર્દીઓ છે. જે પૈકી ૦૫ લોકો વેન્ટીલેટર પર છે. ૩૮૪ લોકો સ્ટેબલ છે. ૮,૧૪,૧૦૯ લોકોને ડીસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

૧૦૦૭૬ લોકોનાં અત્યાર સુધીમાં કુલ કોરોનાને કારણે મોત નિપજ્યાં છે. જો કે સારા સમાચાર કહી શકાય કે આજે કોરોનાને કારણે એક પણ દર્દીનું મોત નિપજ્યું નથી.

અમદાવાદ કોર્પોરેશનમાં ૪, સુરતમાં ૫, વડોદરામાં ૯, આણંદમાં ૨, જુનાગઢમાં ૨ અને ગીરસોમનાથ, જામનગર, નવસારી, પોરબંદર, રાજકોટ, વલસાડમાં ૧-૧ કેસ નોંધાયા છે.

જોઈએ છે
ટચૂકડી જાહેર ખબર
વેચવાનો છે
2BHK ફ્લેટ, ફુલ્લી ફર્નિશ્ડ, ખ-૦, વેચવાના છે.
મો. ૯૪૨૭૫૦૭૨૧૦